
# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

ST-35

ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ – ૧૯૭૬
હેઠળની જોગવાઇઓ મુજબ



લાયસન્સદારનું નામઃ- શ્રી. સંજય જી ઉંજીયા.

સરનામુ :- ૩૦૪-૩૦૨ લેન્ડ માર્ક
એસ્ટ્રોન ચોક
રાજકોટ

ST-35

લાયસન્સની મુદતઃ- તા૦૧/૦૧/૨૦૨૨ થી તા૩૧/૧૨/૨૦૨૬ સુધી.

લાયસન્સ નં.-ST-35
સ્ટ્રક્ચર એન્જીનીયર

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ હદ્દ વિસ્તારમાં કામગીરી કરવા માટે લાયસન્સ આપવામાં આવે છે.

લાયસન્સદારે મંજુર સી.જી.ડી.સી.આર.માં નકકી કરાયેલી જવાબદારીઓ પાળવાની રહેશે. તેમાં કોઇપણ કસુર થયાનું સત્તામંડળના ધ્યાને આવશે તો, લાયસન્સ રદ્દ કરવામાં આવશે. વખતો વખતમાં આવતા બાંધકામને લગતા નિયમો, વિનિયમ, શરતો – જવાબદારીઓ તમો લાયસન્સદારે ચૂસ્તપણે પાળવાની રહેશે. તથા આ ઉપરાંત નીચે મુજબની સમગ્ર શરતોનું પાલન કરવાની શરતોએ લાયસન્સ આપવામાં આવે છે.

(૧) લાયસન્સની મુદ્દત જે તારીખે લાયસન્સ ઇસ્યુ કરવામાં આવે તે તારીખથી ગણવામાં આવશે.

(૨) લાયસન્સની મુદ્દત પુરી થવાની હોય તે તારીખથી ૬૦(સાંઇઠ) દિવસ (બેમાસ) પહેલા રીન્યુઅલ માટે નિયત અરજી રજુ કરવાનીરહેશે.

(3) લાયસન્સની મુદ્દત પુરી થાય તે પહેલા નિયત સમયમાં રીન્યુઅલ માટે અરજી ન કરવામાં આવે તો, લાયસન્સની મુદ્દત પુરી થયા બાદ તમોના પ્લાન સ્વીકારવામાં આવશે નહીં. તથા આવા સંજોગોમાં પણ રીન્યુઅલ માટે અરજી કરવામાં આવે ત્યારે પુરી થયેલ મુદ્દત બાદ વધુમાં વધુ એક વર્ષ સુધીમાં ભરવાની થતી ફી જેટલી જ વધારાની લેઇટ પેનલ્ટી રકમ જમા કર્યેથી રીન્યુઅલ માટે વિચારણા કરવામાં આવશે.

(૪) સદર ક્રમ નં.-(3)માં જણાવ્યા મુજબની સમય મર્યાદામાં રીન્યુઅલ કરાવવામાં નહીં આવે તો, લાયસન્સ આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

(૫) રીન્યુઅલ માટે લાયસન્સદારે નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે. તેમજ ફાઇલે મંજુરી મળ્યેથી રીન્યુઅલ ફી ભરવાની રહેશે.

(૬) લાયસન્સની મુદ્દત પાંચ વર્ષ માટે એકી સાથે રીન્યુ કરી શકાશે. જે મુદ્દત વાર્ષિક ૧ જાન્યુઆરી થી ૩૧ ડીસેમ્બર સુધીની રહેશે.

(૭) લાયસન્સ નોંધણી તથા રીન્યુઅલ ફી નિયતદર મુજબ ભરવાના રહેશે.

નોંધઃ- (ડિસેમ્બર૨૦૨૬.....માં લાયસન્સ રીન્યુઅલની અરજી રજુ કરવાની રહેશે.)

(૮) નવા ઇસ્યુ કરવામાં આવનાર લાયસન્સની જે તારીખે લાયસન્સ ફી ભરાયેલ હોય તે તારીખને લાયસન્સ ઇસ્યુ કર્યા તારીખ ગણાશે.

(૯) લાયસન્સદારે વિકાસ પરવાનગીના પ્લાન રજુ કરતી વખતે લાયસન્સ અત્રેની કચેરીમાં પ્લાન સ્વીકારનાર અધિકારી જોવા માંગે તો બતાવવાનું રહેશે. તથા રજુ કરેલ દરેક પ્લાનમાં લાયસન્સ નંબર દર્શાવવાના રહેશે. તેમજ નામ અને સરનામુ પણ સ્પષ્ટ સ્વરૂપે લખવાના રહેશે.

(૧૦) કોઇપણ ખાતાકીય તપાસથી જે કોઇ લાયસન્સ હોલ્ડર, આર્કિટેક, એન્જીનીયર, સ્ટ્રકચરલ એન્જીનીયર તથા સર્વેયર / પ્લાન મેકર, સુપરવાઇઝનું લાયસન્સ રદ્દ કરવાનું થાય તો, સમક્ષ સત્તાધિકારીથી લાયસન્સ રદ્દ કરી શકાશે.

(૧૧) રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના ધ્યાન ઉપર જયારે પણ એવી માહિતી/ખબર પડે કે લાયસન્સદારે મંજુર થયેલ જી.ડી.સી.આર. વિરૂધ્ધનું બાંધકામ કરવા દીધેલ છે અથવા તો તેવા બાંધકામ સામે તેઓએ વાંધો લીધેલ નથી કે રૂડા કચેરીને તે બાબતની જાણ કરેલ નથી. તે લાયસન્સદારનું લાયસન્સ આપો આપ કોઇપણ તક આપ્યા સિવાય રદ્દ થઇ જશે. અને તેવા લાયસન્સદારને લાયસન્સ રદ્દ થવાથી પાંચ વર્ષ માટે નવા લાયસન્સ ઇસ્યુ કરવામાં આવશે નહીં.

(૧૨) લાયસન્સદારે સી.જી.ડી.સી.આર.નું તથા તે અનુસંધાનની સત્તામંડળની તમામ સૂચના/ઠરાવોનું અક્ષરશઃ પાલન કરવાનું રહેશે.

(૧૩) ઉપરોકત દર્શાવ્યા મુજબ ક્રમ નં.-૧૦ તથા ૧૧ની શરતો પ્રમાણે કોઇ લાયસન્સદાર ભંગ કરશે તો, તેની સામે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ પગલા લઇ શકશે. કાનુની કાર્યવાહી કરી શકશે. તેમજ વળતર માટે દાવો કરવાનો પણ હક રહેશે.

(૧૪) સી.જી.ડી.સી.આર.માં જણાવેલ ફરજો તેમજ જવાદારીઓનું પુરેપુરૂ પાલન કરવાનું રહેશે. તેમજ સી.જી.ડી.સી.આર.ના આ બાબતેના લગતા તમામ નિયમો લાગુ પડશે.

(૧૫) સી.જી.ડી.સી.આર.ના બેઝીક રૂલ્સ જેવાં કે રોડની લંબાઇ પ્રમાણે પહોળાઇ હોવી જોઇએ, પ્લોટ એરીયા / બાંધકામ એરીયાની ગણતરીઓ, એફ.એસ.આઇ., ગોળાઇ વિગેરે બાબતોમાં ભૂલ થવા બાબતે ત્રણવાર કે તેથી વધુવાર પુર્તતા આપવાની થાય તો, તે લાયસન્સદારને સાંભળવાની તક આપ્યા પછી રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ તે લાયસન્સ રદ્દ કરી શકશે.

(૧૬) પ્લાન રજુ કરતી વખતે લાયસન્સની ઝેરોક્ષ રજુ કરવાની રહેશે.

(ફાઇલ પરની નોંધની મુ.કા.અ.શ્રીની મંજુરી અન્વયે)

ST-35

RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY RUDA

નગર નિયોજક
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

રાજકોટ
તારીખ:23-૧૨-૨૦૨૨

<u>એકરારઃ-</u>

ઉપર મુજબની તમામ શરતો મેં વાંચેલ છે, જે મને કબુલ અને મંજુર છે. અને સી.જી.ડી.સી.આર.ની તમામ જોગવાઇઓનું પાલન કરવાની હું ખાતરી આપુ છુ જે બદલ મેં મારી સહી કરી આપેલ છે.

લાયસન્સદારની સહી